# મેટાસ હોસ્પિટલના ડોક્ટર રિક્ષાચાલક ગેંગનો શિકાર

**તબીબને** રિક્ષામાં બેસાડી અંદરોઅંદર ઝઘડવાનો ડોળ કરી રૂ.૧૬,૭૦૦ના સામાનની સેરવી લીધો

સુરતઃ અઠવાગેટ ખાતેથી મજૂરાગેટ જવા માટે રિક્ષામાં બેસેલા મેટાસ હોસ્પિટલના એક જનરલ મેડિસિન ડોક્ટરને નિશાન બનાવી રિક્ષા ચાલક, એક પુરુષ અને બુરખાધારી મહિલાની ત્રિપુટીએ નજરચૂક કરી રૂ.૧૬,૭૦૦ની મતા ચોરી લીધી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે.

અઠવાગેટ સ્થિત મેટાસ હોસ્પિટલના બીજા માળે રહેતા અને ત્યાં જનરલ મેડિસિન ડોક્ટર તરીકે પ્રેક્ટિસ કરતા ૨૯ વર્ષીય ડો.મણીકાંત ગોપાલસ્વરૂપ પાઠક (મૂળ રહે.,સિદ્ધાર્થનગર, ઉત્તરપ્રદેશ) ગત તા.૯/૭/૨૦૨૬ના રોજ રાત્રે અઠવાગેટ બસ સ્ટોપ પરથી દર્દીને જોવા સગ્રામપુરા આશુતોષ હોસ્પિટલ જવા નીકળ્યા હતા. તેમણે મજૂરાગેટ જવા માટે રિક્ષામાં બેઠાં હતા. રિક્ષામાં પાછળની સીટ પર અગાઉથી આશરે પુરુષ અને એક બુરખાધારી મહિલા બેસેલી હતી. મજૂરાગેટ આવતાં જ રિક્ષા ચાલકે તબીબને ઉતારી દીધા હતા. તબીબે ભાડું આપવા માટે બેગમાંથી પર્સ કાઢવા હાથ નાંખતાં જ પર્સ ગાયબ હતું. તે જોઈ રિક્ષા ચાલક સ્ટેશન તરફ રિક્ષા ભગાવી ગયો હતો. તબીબે બેગ તપાસતાં તેમાંથી રૂ.૬,૫૦૦ રોકડા, એસબીઆઈ ડેબિટ કાર્ડ, આરએમએલ હોસ્પિટલનું આઈડી કાર્ડ તથા રૂ.૧૦,૨૦૦ની કિંમતનું લિટમન કંપનીનું કાળા કલરનું સ્ટેથોસ્કોપ ગાયબ જણાયું હતું. બનાવ અંગે તબીબે ઈ-મેઈલ કરી પોલીસ કમિશનર કચેરીમાં અરજી આપી હતી. પોલીસ તપાસ દરમિયાન સીસીટીવી ફૂટેજ ચકાસતાં કાળા કલરની ઓટો રિક્ષા નં.(GJ-05-XX-8830)ની આગળ એલઈડી લાઈટ લાગેલી જણાઈ હતી. પોલીસે બે પુરુષ અને એક બુરખાધારી મહિલા વિરુદ્ધ ચોરીનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ભટારમાં પ્રિન્ટિંગ પ્રેસમાં ભીષણ આગ બે લોકો ધુમાડામાંથી માંડ બહાર નીકળ્યા

**ઉમા** ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટના પ્રથમ માળે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું, આસપાસના વિસ્તારમાં ધુમાડાના ગોટેગોટા છવાતાં ભય ફેલાયો

**અંદર** ફસાયેલી બે વ્યક્તિ સમયસર બહાર નીકળી જતાં જાનહાનિ ટળી, ઓક્સિજન કિટ સાથે ફાયર જવાનોએ મોરચો સંભાળ્યો



સુરતઃ શહેરના ભટાર વિસ્તારમાં આવેલી ઉમા ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં પ્રિન્ટિંગ પ્રેસમાં અચાનક ભીષણ આગ લાગતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. બિલ્ડિંગના પ્રથમ માળે આવેલી પ્રિન્ટિંગ પ્રેસમાં આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આગના કારણે સમગ્ર બિલ્ડિંગમાં ધુમાડો ભરાઈ જતાં આસપાસનાં ઔદ્યોગિક એકમોના કર્મચારીઓમાં પણ ગભરાટ ફેલાયો હતો. પ્રિન્ટિંગ પ્રેસમાં બે વ્યક્તિ ફસાઈ હોવાની માહિતી મળતાં ફાયર વિભાગે તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી હતી. જોકે, બંને વ્યક્તિઓ સમયસૂચકતા વાપરી બહાર નીકળી જતાં મોટી જાનહાનિ ટળી હતી. વેસુ અને મજૂરા સહિતનાં ત્રણ ફાયર સ્ટેશનની ટીમો ઘટના સ્થળે પહોંચી હતી. કલાકોની જહેમત બાદ આગને કાબૂમાં લેવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું સામે આવ્યું છે. પ્રિન્ટિંગ પ્રેસમાં રાખેલો માલસામાન અને મશીનરી બળીને ખાખ થઈ ગઈ હતી.

### ફાયરે એમ્બ્યુલન્સ બોલાવી પણ બંને બહાર નીકળી ગયા

પ્રાથમિક તબક્કે પ્રિન્ટિંગ પ્રેસની અંદર બે વ્યક્તિ ફસાઈ હોવાની માહિતી મળતાં સ્થળ પર તણાવભરી સ્થિતિ સર્જાઈ હતી. જોકે, બંને વ્યક્તિ પરિસ્થિતિની ગંભીરતા પારખી સમયસૂચકતા વાપરી સમયસર સુરક્ષિત રીતે બહાર નીકળી જતાં તમામ લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. કોઈપણ પ્રકારની મેડિકલ ઈમરજન્સીને પહોંચી વળવા માટે 108 એમ્બ્યુલન્સની ટીમ પણ તાત્કાલિક સ્થળ પર ખડકી દેવામાં આવી હતી.




# ભક્તોને શ્રાવણમાં આકર્ષે છે અંબાનગરનું ત્રિલિંગેશ્વર મહાદેવ

**શ્રાવણમાં મહાદેવનો મહિમા**

સુરતઃ અંબાનગર ખાતે આવેલી સોમનાથ સોસાયટીમાં આવેલું ત્રિલિંગેશ્વર મહાદેવ મંદિર શ્રાવણ માસ દરમિયાન ભક્તો માટે આસ્થાનું વિશેષ કેન્દ્ર બની રહે છે. શ્રાવણના પવિત્ર દિવસોમાં વહેલી સવારથી જ મોટી સંખ્યામાં શિવભક્તો ભગવાન મહાદેવના દર્શન માટે ઉમટી પડે છે. ભક્તો દ્વારા શિવલિંગ પર જળાભિષેક, પૂજન અને બિલ્વપત્ર અર્પણ કરી શ્રદ્ધાપૂર્વક મહાદેવની આરાધના કરવામાં આવે છે. મંદિર પરિસરમાં ભક્તિમય વાતાવરણ વચ્ચે 'હર હર મહાદેવ'ના જયઘોષ ગુંજી ઉઠે છે. શ્રાવણ માસ દરમિયાન દરરોજ મોટી સંખ્યામાં લોકો દર્શન-પૂજન કરી પરિવારની સુખ-શાંતિ અને સમૃદ્ધિ માટે મહાદેવને પ્રાર્થના કરે છે.

### રેશનકાર્ડમાં સુધારા માટે આવેલા અરજદારનો ગંભીર આક્ષેપ

# કતારગામ ઝોન-૨ની પુરવઠા કચેરીમાં દલાલોનું ભારે રાજ ! કલેક્ટરને રજૂઆત

**કચેરીમાં** એજન્ટો બેરોકટોક ફરતા હોવાનો દાવો, કોમ્પ્યુટર ઓપરેટરની બાજુમાં બેસી કામ કરાવતાં હોવાની રજૂઆત

### કચેરીની બહાર અરજદારો પાસેથી નાણાં વસૂલાય છે

રજૂઆતમાં વધુમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે કચેરીની અંદર કામ કરાવ્યા બાદ આ એજન્ટો કચેરીની બહાર અરજદારો પાસેથી નાણાં વસૂલતા હતા. જો આ આક્ષેપોની સત્તાવાર તપાસમાં પુષ્ટિ થાય તો સરકારી કચેરીમાં ચાલતી કામગીરીની પારદર્શિતા અને જવાબદાર અધિકારીઓ-કર્મચારીઓની ભૂમિકા અંગે પણ ગંભીર સવાલો ઊભા થઈ શકે છે.

સુરતઃ સુરત શહેરના કતારગામ ઝોન-૨ હેઠળના જૂના ચોક બજાર ઝોનની પુરવઠા શાખામાં એજન્ટો અને દલાલો દ્વારા ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચાલતી હોવાના ગંભીર આક્ષેપો સાથે રાજ્યના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગના અગ્ર સચિવ તેમજ સુરત કલેક્ટરને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

રજૂઆત મુજબ કતારગામ ઝોન-૨, જૂનું ચોક બજાર ઝોનની પુરવઠા શાખા સી-બ્લોક, પાંચમા માળે આવેલી બહુમાળી બિલ્ડિંગ, નાનપુરા ખાતે અરજદાર દ્વારા પોતાના રેશનકાર્ડમાં આધારકાર્ડ મુજબ જરૂરી સુધારા કરાવવા માટે અરજી કરવામાં આવી હતી.

ત્યારબાદ તેમને ૧૫ દિવસ પછી તા. ૨૫ જૂન, ૨૦૨૬ના રોજ હાજર રહેવા જણાવાયું હતું. જોકે, તે દિવસે સીસ્ટમ બંધ હોવાના કારણે કામગીરી થઈ શકી ન હતી. ત્યારબાદ અરજદાર તા. ૨૯ જૂને ફરી કચેરીએ પહોંચ્યા હતા.

તેમ છતાં રેશનકાર્ડમાં જરૂરી સુધારા કરાયા નહોતા. અરજદારે રજૂઆતમાં જણાવ્યું છે કે તેમને કચેરીની બહાર આશરે ત્રણ કલાક સુધી રાહ જોવી પડી હતી. રજૂઆતમાં શાનું, જેડ, શનિ, દિનેશ અને સંજય નામના વ્યક્તિઓને એજન્ટો/દલાલો તરીકે ઉલ્લેખવામાં આવ્યા છે. જે કચેરીમાં ફરતા હોય છે.

# ડિંડોલીમાં સફાઈ કામદાર પર બીજા કર્મીનો ત્રિકમ વડે જીવલેણ હુમલો

**પ્રેમસંબંધ** બાબતે સમજાવવા ગયેલા મામા પર ભાણેજે ઘા કરી દીધો, હાલત નાજૂક

સુરતઃ ડિંડોલી વિસ્તારમાં પ્રેમસંબંધ બાબતે સલાહ-શિખામણ આપવી એક મામાને ભારે પડી ગઈ છે. ડિંડૉલી ગામની ઝોનની વોર્ડ ઓફિસ પાસે સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા મામાને તેના જ કૌટુંબિક ભાણેજે અચાનક ઉશ્કેરાઈ જઈ નજીકમાં પડેલું ત્રિકમ માથામાં મારી દેતાં લોહીલુહાણ કરી મુક્યા હતા. ગંભીર રીતે ઘવાયેલા સફાઈ કામદારને બેભાન હાલતમાં ખાનગી હોસ્પિટલના આઈસીયુ વોર્ડમાં ખસેડવામાં આવ્યા છે.

લિંબાયત સંગમ સર્કલ નજીક સુભાષનગરમાં રહેતા અને ડિંડૉલી ગામમાં આવેલી વોર્ડ નં. ૨૭માં છેલ્લાં નવ વર્ષથી સફાઈ કામદાર તરીકે નોકરી કરતાં જગદીશ શ્રીરામ દેવરે પર આ પ્રાણઘાતક હુમલો થયો છે.

ગત તા. ૨ સપ્ટેમ્બરના રોજ બપોરના સવા બે વાગ્યાના સુમારે જગદીશ દેવરે ડિંડોલી વોર્ડ ઓફિસ પાસે હાજર હતા. તે વખતે તેમની સાથે જ સફાઈ કામદાર તરીકે નોકરી કરતો તેમનો કૌટુંબિક ભાણેજ દીપક વિજય સાળુંકે (રહે., વિષ્ણુનગર-૨, ઉધના) પણ ત્યાં હાજર હતો. દીપક સાળુંકેને તેની સાથે જ નોકરી કરતી રંજના નામની મહિલા કર્મચારી સાથે પ્રેમસંબંધ હોય, સમાજમાં આ બાબતે તરેહ-તરેહની વાતો થતી હતી. જેથી કૌટુંબિક મામા થતાં જગદીશ દેવરે દીપકને આ પ્રેમસંબંધ પૂરો કરી દેવા માટે અવારનવાર સમજાવવાનો પ્રયાસ કરતા હતા. ઘટનાના દિવસે પણ જગદીશભાઈએ દીપકને રંજના સાથેનો સંબંધ પૂરો કરવા સમજાવવાનું શરૂ કર્યું હતું. મામાની શિખામણથી અચાનક ઉશ્કેરાઈ ગયેલા દીપક સાળુંકેએ નજીકમાં પડેલું ત્રિકમ ઊંચકીને જગદીશભાઈના માથાના ભાગે ઘા ઝીંકી દીધો હતો.

લોહીલુહાણ હાલતમાં તેમને સહકર્મચારીઓ તુરંત જ બાબા મેમોરિયલ હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. જોકે, તેમની હાલત અત્યંત નાજુક હોવાથી અન્ય ખાનગી હોસ્પિટલ ખાતે લઈ આવ્યા હતા. હાલમાં જગદીશ દેવરે હોસ્પિટલના ત્રીજા માળે આવેલ આઈસીયુ વોર્ડમાં બેભાન હાલતમાં સારવાર હેઠળ છે. ભોગ બનનારના પત્ની વર્ષાબેન દેવરેની ફરિયાદના આધારે ડિંડોલી પોલીસે આરોપી દીપક સાળુંકે વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### એનટીપીસી કવાસે સાયક્લોથોન સાથે રાષ્ટ્રીય ખેલ દિવસની ઉજવણી કરી



સુરતઃ એનટીપીસી કવાસ ખાતે રમતગમત પરિષદ દ્વારા ફિટનેસ, તંદુરસ્તી અને સક્રિય જીવનશૈલીને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ સાથે ઉત્સાહભર્યા સાયક્લોથોનનું આયોજન કરીને રાષ્ટ્રીય ખેલ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ સાઇકલ રેલીનું નેતૃત્વ એનટીપીસી કવાસના પ્રોજેક્ટ હેડ (HOP) દેબેશ કુમાર પાઘીએ કર્યું હતું. જ્યારે સ્વાતિ મહિલામંડળ (SMM) નાં અધ્યક્ષા ગાયત્રી પંડાએ લીલી ઝંડી બતાવી રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. આ આયોજનમાં એનટીપીસી તથા સીઆઈએસએફ (CISF) પરિવારના સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સાયક્લોથોન દ્વારા સૌહાર્દ, ખેલદિલી અને સ્વસ્થ જીવનશૈલી પ્રત્યેની સામૂહિક પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.

### પંચમ્ ગ્રુપનો મો. રફી અને મુકેશનાં ફિલ્મી ગીતોનો કાર્યક્રમ યોજાયો



સુરતઃ'ગા મેરે મન ગા' શ્રેણી અંતર્ગત પંચમ ગ્રુપ દ્વારા ૩૮૨મો પાર્શ્વગાયક મોહમ્મદ રફી અને મુકેશના ફિલ્મી ગીતોનો જાહેર કાર્યક્રમ 30મી ઓગસ્ટના રવિવારે સ્વરાંગન સ્ટુડિયો, પાલ, સુરત ખાતે યોજાયો હતો. જેમાં રિદ્ધિશકુમાર, હર્ષદ પટેલ, મિનેશ જૈન,આશિષ દારૂવાલા, હરેશ ભટ્ટી, નૈષધ શુક્લા, રીમા શર્મા, સુકેતુ દેસાઈ, શીતલ મેહતા, રિતેશ પટેલ, ચારુલ રાવલ, વૃંદા અજુડિયા અને સંજય મેહતાએ મોહમ્મદ રફી અને મુકેશના ફિલ્મી ગીતો રજૂ કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન રીમા શર્માએ કર્યું હતું.

### પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ભાવિન શાહ-ડો. હસાણીએ ગંભીર બાબત હળવા સ્વરૂપે રજૂ કરી



સુરત : વિરમતીબેન ફકીરચંદ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ પ્રેરિત-પુરસ્કૃત 'Better Life', 'સ્વપ્ન' ભદ્રેશ શાહ ફાઉન્ડેશન આયોજીત તથા સુરત જૈન યુવક મહામંડળના ઉપક્રમે ચાલતી સાતમી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પાંચમા દિવસે સુરતના જાણીતા ભાવિન શાહ અને કચ્છના પ્રોફેસર ડો. રમજાન હસાણીએ ગંભીર જીવનવિષયક વાતોને હળવાશભરી અને રસપ્રદ શૈલીમાં રજૂ કરી હતી. આજે જન્માષ્ટમીને તહેવારે આવતીકાલનું વ્યાખ્યાન સત્ર મોકૂફ રાખવામાં આવ્યું છે. શનિવારે મુંબઈના જાણીતા સ્કોલર ડો. બિપિનભાઈ દોશી રાત્રે 8:30થી 10:00 દરમિયાન, 'એપ્લાઈડ જૈનિઝમ" જૈન ધર્મનો વ્યવહારુ ઉપયોગ' વિષય પર વિસ્તૃત માર્ગદર્શન આપશે. ત્યારબાદ સભા 'મુક્ત ચર્ચા સભા'માં પરિવર્તિત થશે, જેમા વાર્તાલાપનું સંચાલન મુંબઈનાં ડો. પ્રો. સેજલબેન શાહ કરશે. આ સાથે સાતમી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો સાતમો દિવસ તથા આઠમું સેશન પૂર્ણ થશે.

### કૃષિમાં આયર્ન ઓર ટ્રેઇલિંગ્સના ઉપયોગ માટે AM/NS India અને ICAR-IARI વચ્ચે કરાર



સુરતઃ આર્સેલરમિત્તલ નિપ્પોન સ્ટીલ ઈન્ડિયા અને ઇન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રિકલ્ચરલ રિસર્ચ-ઇન્ડિયન એગ્રિકલ્ચરલ રિસર્ચ ઇન્સ્ટિટ્યુટ (ICAR-IARI) વચ્ચે કૃષિ ક્ષેત્રમાં આયર્ન ઓર ટ્રેઇલિંગ્સના ટકાઉ ઉપયોગ અંગે અદ્યતન વૈજ્ઞાનિક સંશોધન માટે એમઓયુ કરવામાં આવ્યો છે. આ સંશોધનમાં આયર્ન ઓરના શુદ્ધિકરણ દરમિયાન મળતા ટ્રેઇલિંગ્સમાં રહેલા સિલિકા, આયર્ન ઓક્સાઇડ, એલ્યુમિના, કેલ્શિયમ, મેગ્નેશિયમ સહિતના ખનીજ તત્ત્વોના કૃષિ ઉપયોગની સંભાવના ચકાસવામાં આવશે. અગાઉ ડાંગર, ઘઉં અને શાકભાજીના પાકો પર થયેલા પ્રાથમિક અભ્યાસમાં આશાસ્પદ પરિણામો મળ્યા હતા. હવે લાંબા ગાળાના અભ્યાસ દ્વારા પાક ઉત્પાદન, પોષકતત્ત્વોની ઉપલબ્ધતા, પર્યાવરણીય અસર અને સલામતીનું મૂલ્યાંકન કરાશે. આ પહેલ ખાણકામની બાય-પ્રોડક્ટને મૂલ્યવાન સંસાધનમાં ફેરવી કચરો ઘટાડવા, સંસાધન સંરક્ષણ અને ટકાઉ કૃષિને પ્રોત્સાહન આપશે.

### આજના રાજકારણીઓની જેમ શ્રીકૃષ્ણએ ક્યારેય રાજકારણ ખેલ્યું નથી: પદ્મદર્શનસૂરિજી



ભીવંડીઃ શ્રી ગોકુળનગર નજરાણા જૈન સંઘ ભીવંડીના જૈન ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે 'શ્રીકૃષ્ણનું જીવન સંગીત' એ વિષય ઉપર પ્રવચન પ્રસાદી પાઠવતાં કહ્યું હતું કે, ભાગવતમાં શ્રીકૃષ્ણને ભગવાન તરીકે ભલે જુઓ પણ મહાભારતની કથામાં ભગવાન તરીકે નહીં પણ 'વર્લ્ડ બેસ્ટ પોલિટીશીયન' તરીકે જુઓ. ધૂર્તતા, મિથ્યાભાષિતા, છલ, પ્રપંચ વગેરે રાષ્ટ્ર કે ધર્મના હિતમાં છદ્મસ્થ શ્રીકૃષ્ણને ક્યારેક કરવા પણ પડે. ભગવાનને દોસ્ત કે દુશ્મન ન હોય. ભક્તોના ઉદ્ધાર અને દુશ્મનોના સંહાર માટે ભગવાન અવતાર ન લે. ભગવાન તો દુશ્મનોને પણ માફ કરે. રાજકારણી માફી ન આપે. આથી જ શ્રીકૃષ્ણે જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે બેસ્ટ રાજકારણ ખેલ્યું હતું. વર્તમાનના રાજકારણીઓ જે રીતે કરવટ બદલે છે તેમ શ્રીકૃષ્ણજીએ ક્યારે પણ રાજકારણ ખેલ્યું નહોતું.

# શિક્ષક દિને સુરતના પ્રાથમિક શિક્ષકોનો 'બ્લેક બેજ વિરોધ'

**2011** પહેલાં નિમણૂક પામેલા શિક્ષકોને TETમાંથી મુક્તિની અને 2005 પછીના શિક્ષકો માટે OPS લાગુ કરવાની માંગ

સુરતઃ શિક્ષક દિન નિમિત્તે સુરત જિલ્લાના પ્રાથમિક શિક્ષકો દ્વારા પોતાની લાંબા સમયથી પડતર માંગણીઓ અંગે સરકારનું ધ્યાન દોરવા માટે વિરોધ કાર્યક્રમ યોજવામાં આવશે. ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના આદેશ અનુસાર આગામી 5 સપ્ટેમ્બરે સુરત જિલ્લાના તમામ તાલુકાના પ્રાથમિક શિક્ષકો કાળી પટ્ટી ધારણ કરી ફરજ બજાવશે અને 'બ્લેક બેજ વિરોધ દિવસ'ની ઉજવણી કરશે.

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા તથા મહામંત્રી જૈમિનભાઈ પટેલના આદેશ અનુસાર રાજ્યભરમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તેના ભાગરૂપે સુરત જિલ્લામાં પણ પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા તમામ તાલુકાના શિક્ષકોને કાળી પટ્ટી ધારણ કરી શાળામાં ફરજ બજાવવા આહવાન કરવામાં આવ્યું છે. શિક્ષકોની મુખ્ય માંગણીઓમાં વર્ષ 2011 પહેલાં નિમણૂક પામેલા તમામ પ્રાથમિક શિક્ષકોને TET પરીક્ષામાંથી મુક્તિ આપવાની માંગનો સમાવેશ થાય છે. નિમણૂકના સમયગાળા અને તે સમયે અમલમાં રહેલા નિયમોને ધ્યાનમાં રાખીને આ વર્ગના શિક્ષકોને TETમાંથી મુક્તિ આપવી જોઈએ તેવી માંગ કરવામાં આવી રહી છે. બીજી મહત્ત્વની માંગ વર્ષ 2005 પછી નિમણૂક પામેલા તમામ શિક્ષકોને OPSનો સંપૂર્ણ લાભ આપવાની છે. નિવૃત્તિ બાદની સામાજિક અને આર્થિક સુરક્ષાને ધ્યાનમાં રાખીને જૂની પેન્શન યોજના લાગુ કરવાની માંગ સાથે રજૂઆતો કરવામાં આવી રહી છે.

# કોલેજિયન યુવકે બ્રેકને બદલે એક્સિલરેટર દબાવી દેતાં બે બાઈકચાલક ઊડી ગયા

**સરથાણામાં** કારચાલકની બેફામ ગતિનો CCTVમાં ભયાનક અકસ્માત કેદ

**એક** બાઈકચાલકને 10 ફૂટ સુધી ઢસડ્યો, અકસ્માત બાદ ફરાર આરોપી ઝડપાયો

સુરતઃ સરથાણા વિસ્તારમાં બેફામ ઝડપે દોડી આવેલી કારના ચાલકે બે બાઈકને અડફેટે લેતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો.

સીતાનગર ચોકડી પાસે રહેતા અને દરજીકામનો વ્યવસાય કરતા 40 વર્ષીય અશોકભાઈ મેઘજીભાઈ બાંભણીયા તા.2 સપ્ટેમ્બરની સાંજે પોતાની સાઇન બાઈક નં.(GJ-05-LR-6325) લઈને સાવલીયા સર્કલથી રાધેપાર્ક તરફ જઈ રહ્યા હતા. સહજાનંદ સ્કૂલના ગેટ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે સામેથી પૂરઝડપે આવેલી કાર નં.(GJ-05-CM-5903)ના ચાલકે અશોકભાઈ સહિત બે બાઈકને જોરદાર ટક્કર મારી હતી.

ટક્કર એટલી જોરદાર હતી કે અશોકભાઈ બાઈક સહિત કાર સાથે કેટલાક અંતર સુધી ઢસડાયા હતા. અકસ્માત બાદ આસપાસના લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા. અશોકભાઈને જમણા હાથમાં ગંભીર ફ્રેક્ચર તેમજ શરીરના અન્ય ભાગોમાં ઈજા થતાં 108 એમ્બ્યુલન્સ મારફતે ધર્મનંદન હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

અકસ્માત સર્જ્યા બાદ કારચાલક કાર લઈને ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. આ અંગે સરથાણા પોલીસે ગુનો નોંધી કારચાલક આર્યન સંજયભાઈ ધડુક (ઉં.વ.૧૯) (રહે.,તુલસી દર્શન સોસાયટી, યોગીચોક, સરથાણા, સુરત, મૂળ રહે.,પીપરડી ગામ, તા.જેસર, જિ.ભાવનગર)ને ઝડપી પાડ્યો હતો. પોલીસ પૂછપરછમાં આર્યન ધડુકે જણાવ્યું હતું કે, તે એસ.ડી. જૈન કોલેજમાં અભ્યાસ કરે છે.

અકસ્માત સમયે ઘરેથી પોતાના અંગત કામ અર્થે નીકળ્યો હતો ત્યારે રસ્તા પર ટ્રાફિક જામ જેવી સ્થિતિ હતી અને પાછળથી વાહનચાલકો સતત હોર્ન વગાડી રહ્યા હતા. ઉતાવળમાં ટ્રાફિકમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કરતી વખતે બ્રેકની જગ્યાએ ભૂલથી એક્સિલરેટર દબાઈ ગયું હતું.

પરિણામે કાર અચાનક પૂરઝડપે આગળ ધસી ગઈ અને બે બાઈકને અડફેટે લીધા હતા. અકસમાત બાદ લોકોના રોષ અને ડરના કારણે તે કાર સાથે ઘટના સ્થળેથી નાસી ગયો હોવાનું પણ પોલીસ સમક્ષ જણાવ્યું હતું. હાલ સરથાણા પોલીસે આરોપી સામે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

### ઈચ્છાપોર ચોકડી પાસે બે ટ્રેલર અથડાયા, એક ટ્રેલરનો ડ્રાઇવર કેબિનમાં ફસાયો

સુરતઃ ઈચ્છાપોર ચોકડી પાસે ગઈકાલે મોડી રાત્રે બે ટ્રેલર વચ્ચે અકસ્માત સર્જાતાં અફરાતફરી મચી ગઈ હતી. અકસ્માતમાં એક ટ્રેલરના ડ્રાઈવર રાજેશ યાદવ (ઉં.વ.40) કેબિનની અંદર ફસાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. કેબિનનો દરવાજો અકસ્માતના કારણે ખૂલી શકતો ન હોવાથી ફાયર જવાનોએ કટર મશીનની મદદથી દરવાજો કાપી ડ્રાઈવરને બહાર કાઢવાની કામગીરી શરૂ કરી હતી. ભારે જહેમત બાદ રાજેશ યાદવને હેમખેમ બહાર કાઢવામાં આવ્યો હતો. ફાયર વિભાગની સમયસરની કામગીરીને કારણે કેબિનમાં ફસાયેલા ડ્રાઈવરને સુરક્ષિત રીતે બહાર કાઢી શકાયો હતો. જો ફાયરે મહેનત નહીં કરી હોત તો ડ્રાઈવર માટે બચવું મુશ્કેલ થઈ જાત.

# જન્માષ્ટમીએ બજારમાં 'સિલિકોન ગોપાલ'

**4-5** ઈંચથી લઈ નાના બાળક સુધીની સાઈઝમાં મળતા લાલાની કિંમત 500થી 5000 સુધી, ઓડિયો સિસ્ટમમાં રાધે રાધેની રેકોર્ડ પણ વાગે છે

**સોશિયલ મીડિયામાં** રીલ ખાતર ગોપાલજીને લઈને ફરતાં લોકો સામે નારાજગી અને ટીકા



સુરતઃ સૌને ભક્તિ અને તેના મોહમાં તરબોળ કરનાર ભગવાન કૃષ્ણના જન્મોત્સવનો દેશભરમાં માહોલ જામ્યો છે, સુરતમાં પણ વ્હાલાને આવકારવા ભક્તોમાં થનગનાટ જોવા મળી રહ્યો છે. હાલમાં સુરતમાં કાન્હાની બાળસ્વરૂપની મૂર્તિઓની સાથે સિલિકોન મટિરિયલમાંથી બનાવેલા ગોપાલની ખરીદી પણ જોવા મળી રહી છે.

જન્માષ્ટમીના અવસરે બજારમાં કાનૂડાના વાઘાથી લઈ તેના શણગારની અનેક વસ્તુઓનું વેચાણ થઈ રહ્યું છે. ભક્તો ભાવથી મોંઘુ વસ્તુઓ લેવામાં પણ વિચારતા નથી, ત્યારે હાલ બજારમાં સિલિકોન કાન્હાની ખરીદી કરતાં પણ લોકો જોવા મળે છે.

ચૌટાબજારના હોલસેલ વેપારી બાલકૃષ્ણ નવનીતલાલ અંતરવાલાએ જણાવ્યું હતું કે, દ્વારકા દર્શને જતાં ભક્તો ત્યાંથી આ લાલાની ખરીદી કરે છે. સુરતમાં પણ બોમ્બે અને દિલ્હીથી સિલિકોન બાલગોપાલ આવે છે. આ સોફ્ટ ટોય જેવું મુલાયમ હોય છે, જેની સાઈઝ 8 થી 10 મહિનાના બાળક જેટલીથી લઈને 4 થી 5 ઈંચથી સુધીમાં બજારમાં મળી રહ્યા છે. માર્કેટમાં આ સિલિકોન લાલા 500થી લઈને 5,000 સુધીની કિંમતમાં ઉપલબ્ધ છે. મોટી સાઈઝમાં ઓડિયો સીસ્ટમ પણ ફિટ કરેલી હોય છે, જેમાંથી 'રાધે રાધે'નો અવાજ ગૂંજતો રહે છે. ભક્તો આ નાનકડા લાલાને બાળકની જેમ હાથમાં લઈને ફરતાં પણ જોવા છે, તેમની સાથેની વિડીયો રીલ્સ સોશિયલ મીડિયા પર વાયરલ કરી રહ્યા છે. લાલાને બ્યુટી પાર્લર લઈ જઈ વાળ ધોવાથી લઈ મેકઅપ પણ કરવામાં આવ્યો હોવાનો એક વિડીયો સામે આવ્યો છે. જો કે આ સામે સોશિયલ મીડિયા લોકો નારાજગી વ્યક્ત કરી તીખા રિપ્લાય આપ્યા હતા. લોકોનું કહેવું છે કે ભગવાનને આપણે ભાવથી પૂંજતા હોઈએ છીએ ત્યારે આ રીતે રાખવા પર સંકોચ થાય છે. ભક્તિમાં ભાવ હોય છે પરંતુ ભાવમાં સંયમતા પણ જાળવવી જરૂરી છે.

### પવિત્રતા અંગે પણ વિચારવું જોઈએ

બીજી તરફ આ ટ્રેન્ડ સામે લોકોમાં તેમજ પૂજાપાઠ કરતાં, મંદિરમાં પૂજા કરતાં મહારાજોમાં નારાજગી જોવા મળી રહી છે. આ અંગે નિરવ મહારાજે જણાવ્યું હતું કે, ભગવાન એ કોઈ સાથે લઈને ફરવાની વસ્તુ નથી. ભક્તિ જ બતાવવી હોય તો સુરતમાં અનેક મંદિરો છે, દ્વારકા, સોમનાથ, શામળાજી, કાશી, વૃદાંવન જાવ ત્યાં રિલ્સ બનાવો. જેને આપણે ભાવ અને ભક્તિથી પૂંજતા હોઈએ તેને આ રીતે લઈને ફરવું તે યોગ્ય નથી. પવિત્રતા અંગે પણ વિચારવું જોઈએ. એ કોઈ રમકડું નથી.

# મુકેશ અંબાણી અને રિલાયન્સના નામે કોલ કરી ખેડૂત સાથે ૩૭.૮૫ લાખની ઠગાઈ

**વેસુના** વૃદ્ધને રૂ.૨૦ કરોડના ફંડ રિલીઝની લાલચ આપી ૪૧ ટ્રાન્ઝેક્શન દ્વારા રકમ પડાવી

સુરતઃ વેસુમાં રહેતા ૭૭ વર્ષીય વૃદ્ધ ખેડૂતે શેરબજાર તથા રિલાયન્સ ઈન્ડસ્ટ્રિઝના ખાસ ઈન્વેસ્ટમેન્ટ ફંડમાં રોકાણ કરી ૨૦ કરોડનો જંગી નફો મેળવવાની લાલચમાં પોતાની જિંદગીની તમામ મૂડી ગુમાવવાનો વારો આવ્યો છે.

બનાવની વિગત મુજબ વેસુગામ સ્થિત કુંભાર ફળિયામાં આવેલ માતૃકૃપા રો-હાઉસમાં રહેતા અને ખેતીકામ કરતા મોહનભાઈ બાલુભાઈ પટેલ (ઉં.વ.૭૭)ના ફેસબુક મેસેન્જર પર ગત એપ્રિલ-૨૦૨૬માં રિલાયન્સ કંપનીના ફંડમાં રોકાણ કરી ઊંચું રિટર્ન મેળવવાની વિગતો ધરાવતો મેસેજ આવ્યો હતો. શરૂઆતમાં મોહનભાઈએ આ મેસેજ પ્રત્યે દુર્લક્ષ સેવ્યું હતું.જોકે, ૨૬ એપ્રિલ ૨૦૨૬ના રોજ મોહનભાઈના વોટ્સએપ નંબર પર નાઈજીરિયાના કન્ટ્રી કોડ (+234) ધરાવતા નંબર પરથી ફોન આવ્યો હતો. સામેવાળા ઈસમે પોતે 'મુકેશ અંબાણી' બોલે છે અને રિલાયન્સ કંપની તરફથી વાત કરે છે તેવી રજૂઆત કરી હતી. ત્યારબાદ ઠગ ટોળકીએ મોહનભાઈનો વિશ્વાસ જીતવા માટે રિલાયન્સ ઈન્ડસ્ટ્રિઝ તથા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના બનાવટી લોગો, સીલ અને ખોટા બોગસ દસ્તાવેજો વોટ્સએપ પર મોકલ્યા હતા. સાયબર ઠગોએ મોહનભાઈ સાથે વિડીયો કોલ પર વાતચીત કરી હતી અને કોલ દરમિયાન સ્ક્રીનશોટ લઈ તેમને એવું દર્શાવ્યું હતું કે તેઓ રિલાયન્સની ખાસ ઈન્વેસ્ટમેન્ટ સ્કીમમાં પસંદગી પામ્યા છે. જો તેઓ આ સ્કીમમાં રોકાણ કરશે તો તેમને ૨૦ કરોડ (વીસ કરોડ રૂપિયા) મળશે. આટલી મોટી રકમ મેળવવાની લાલચમાં આવીને વૃદ્ધ ઠગોની જાળમાં ફસાયા હતા.